

# હેડ એન્ડ નેક કેન્સર

કેન્સર એ ભારતમાં અગ્રણી આરોગ્ય સમસ્યા છે. દર વર્ષ કેન્સરના લગભગ ૧૦ લાખ કેસ ભારતમાં નોંધાય છે. એમાંથી ૨ લાખ કેસ હેડ એન્ડ નેક કેન્સરના હોય છે. એની સામે અમેરીકામાં ફક્ત ૩૦,૦૦૦ કેસ બને છે? કેન્સરના કારણે ભારતમાં ૮% જેટલા મૃત્યુ દર વર્ષે થાય છે.

હેડ એન્ડ નેક કેન્સરમાં ઘણાં પ્રકારના કેન્સરનો સમાવેશ થાય છે. જેવા કે નાક અને સાયનસના કેન્સર, મ્હોં, ગળું, સ્વરપેટી, અન્નનળી, લાળગ્રંથીઓ અને થાઈરોઈડ ગ્રંથીનું કેન્સર, ચામડીના કેન્સર જે માથામાં, ચહેરા પર અને ગળામાં થાય છે તેનો સમાવેશ પણ હેડ એન્ડ નેક કેન્સરમાં થાય છે.

મોટા ભાગના આ પ્રકારના કેસો રોકી શકાય છે. આ પ્રકારના કેન્સર વધારે પ્રમાણમાં એવા લોકોને થાય છે જે તમાકુનું કોઈપણ પ્રકારે સેવન કરે છે, અથવા સોપારી અને વધારે પ્રમાણમાં આલ્કોહોલનું સેવન કરે છે.

હેડ એન્ડ નેક કેન્સર માટે નીચે કેટલાક લક્ષણો જણાવેલ છે. આમાના ઘણાં લક્ષણો બીજા રોગોથી પણ થઈ શકે છે. પરંતુ જો એ જણાય તો તુરંત ડોક્ટર ની સલાહ લેવી.

૦૧. મોઢામાં ચાંદા પડવા – ક્યારેક એમાંથી લોહી પણ નીકળે.
૦૨. મોઢામાં લાલ અથવા સફેદ દાગ – જે દવાથી મટે નહી.
૦૩. નાકમાંથી વારંવાર લોહી પડવું, નાક બંધ રહેવું, વારંવાર શરદી થવી જે દવાથી મટે નહીં.
૦૪. ગળામાં સતત દુખવું.
૦૫. અવાજ બદલાઈ જવો.
૦૬. ગળામાં, ડોકમાં, કાનાં, માથામાં સતત દુખાવો થવો.
૦૭. ગળફામાં લોહી પડવું.
૦૮. ચાવવામાં, ખોરાક ઉતારવામાં, જમવામાં તકલીફ પડવી.
૦૯. દાંત ઢીલા પડી જવા.
૧૦. બંધબેસતુ ના હોય એવું દાંતનું ચોકઠું.
૧૧. ચામડી પરના મસામાં ફેરફાર થવો, ચામડી પર ચાંદુ પડવું, ભીગડા વળવા જે રૂઝાય નહી (આ ચામડીના કેન્સરના ચિન્હો છે.)

## નિદાન:

વિગતવાર ઈતિહાસ અને શારીરિક તપાસ એન્ડોસ્કોપી XRAY, સોનોગ્રાફી, CT Scan, MRI, અને PET Scan જેવા પરીક્ષણો

## બાયોપ્સી

જે શંકાસ્પદ જગ્યા દેખાય ત્યાંથઈ ડોક્ટરનિદાન માટે એક નાનો ટુકડો લે છે જેને બાયોપ્સી કહેવાય છે. એને લેબોરેટીમાં માઈક્રોસ્કોપીય પરીક્ષણ માટે મોકલવામાં આવે છે. ઘણીવાર બાયોપ્સી માટે જનરલ એનેસ્થેશીયાની પણ જરૂર પડે છે.

## સારવાર:

જો નિદાન રોગની શરૂઆતમાં થાય તો મોટાભાગનાં હેડ એન્ડ નેક કેન્સરાનો ઈલાજ શક્ય છે. હેડ એન્ડ નેક કેન્સરની સારવાર, રોગનો પ્રકાર, જગ્યા અને તિવ્રતા પર આધાર રાખે છે.

## સારવારનાં ત્રણ મુખ્ય પ્રકાર છે.

૧. સર્જરી
૨. રેડીયોથેરાપી (શેકની સારવાર)
૩. કેમોથેરાપી (દવાની/ઈન્જેક્શનની સારવાર)

મોટા ભાગના હેડ એન્ડ નેક કેન્સરની સાવા માટે સર્જરી અને રેડીયોથેરાપી (શેકની સારવાર) એ બે મુખ્ય પ્રકાર છે.

નાના પ્રાથમિક કેન્સર કે જે બીજે ફેલાયેલા ના હોય એના માટે સર્જરીથી તેનો નિકાલ (Wide Surgical Exicision) અથવા સર્જરી અને રેડીયોથેરાપી સાથે વપરાય છે.

વધારે મોટા પ્રાથમિક કેન્સર કે જે ગળામાં ફેલાયેલા હોય એના માટે ઓપરેશન પછી રેડીયોથેરાપી આપવી જરૂરી છે. રેડીયોથેરાપીની સાથે ક્યારેક કેમોથેરાપી પણ આપવામાં આવે છે.

આજે સર્જરીની ટેકનીક માં નવી નવી શોધો જેવી કે LASER નો ઉપયોગ, પ્લાસ્ટીક સર્જરી (Reconstruction નું ગુજરાતી), બીજી સારવારનો સમજદારી પૂર્વક ઉપયોગ અને (Team approach નું ગુજરાતી) ના કારણે પેશન્ટની જીંદગી સણ અને લાયક બને છે.
સારવારનો મુખ્ય હેતુ રોગનો ઈલાજ ઉપરાંત દર્દીના અંગને અને એની કાર્યક્ષમતાને બચાવવાનો છે.